
| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 210 | Publish forms relating to information captured at check posts been made available online | Yes | |

[http://commercialtax.gujarat.gov.in/vatwebsite/rightMenu.do](http://commercialtax.gujarat.gov.in/vatwebsite/rightMenu.do)



ક્રમાંક:ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ફોર્મ-૪૦૨-૪૦૩-૪૦૫/૨૦૧૪-૧૫/જા.૧૬૦/૧૩૮

વાણિજિયક વેરા કમિશનરની કચેરી,
બીજો માળ, વાણિજિયક વેરા ભવન,
આશ્રમ રોડ, અમદાવાદ.
તા. ૩/૧૨/૨૦૧૪

## જા હે ર પ રિ પ ત્ર

વિષયઃ- ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ની કલમ-૬૮, કલમ-૬૯ તથા ગુજરાત મુલ્યવર્ધિત વેરા નિયમો ૨૦૦૬ના નિયમ-૫૧ તથા નિયમ-૫૨ની જોગવાઇઓના અમલ બાબત.

સંદર્ભઃ- (૧) વાણિજિયક વેરા કમિશનર, ગુજરાત રાજય, અમદાવાદના આદેશ ક્રમાંકઃ- **GVL/VAT/Sec. 68 and 69/(1) Dt.3/12/2014**

(૨) જાહેર પરિપત્ર ક્રમાંકઃ- ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ફોર્મ-૪૦૨/જા.પ.(૧)/ ૦૬-૦૭/ જા. ૨૧/૧૮, તા.૭-૧૦-૨૦૦૬

(૩) જાહેર પરિપત્ર ક્રમાંકઃ- ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ફોર્મ-૪૦૩/જા.પ.(૧)/ ૦૬-૦૭/ જા.૨૨-૧૯, તા.૭-૧૦-૨૦૦૬

(૪) જાહેર પરિપત્ર ક્રમાંકઃ-ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ફોર્મ-૪૦૨/ જા.પ.(૨)/ ૦૬-૦૭/ જા.૨૪-૨૦, તા.૨૨-૧૧-૨૦૦૬

(૫) જાહેર પરિપત્ર ક્રમાંકઃ-ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ ફોર્મ-૪૦૩/જા..પ.(૨)/ ૦૬-૦૭/ જા.૨૫-૨૧, તા.૨૨-૧૧-૨૦૦૬

(૬) જાહેર પરિપત્ર ક્રમાંકઃ-ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ફોર્મ-૪૦૨/જા.પ./૨૦૦૭-૦૮ / જા.૪૦/૩૫, તા.૨૯-૧-૨૦૦૮

(૭) જાહેર પરિપત્ર ક્રમાંકઃ-ગુજકા/વેટ/ચેકપોષ્ટ/ફોર્મ-૪૦૩/જા.પ./૨૦૦૭-૦૮ /જા.૪૧/૩૬, તા.૨૯-૧-૨૦૦૮

(૮) જાહેર પરિપત્ર ક્રમાંકઃ- ગુજકા/ વેટ/૪૦૨-૪૦૩ / ૧૧-૧૨ /જા.૧૨૯-૧૧૦, તા.૧૪-૨-૨૦૧૨.

ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ની કલમ-૬૮ની પેટા કલમ-(૩) તથા કલમ-૬૯ની પેટા કલમ (૧) તેમજ ગુજરાત મુલ્યવર્ધિત વેરા નિયમો ૨૦૦૬ના નિયમ-૫૧ તથા નિયમ-૫૨ મુજબ રાજયમાંથી બહાર જતા, રાજયની અંદર દાખલ થતા તેમજ રાજય બહારના કોઇપણ સ્થળેથી રાજયમાં પ્રવેશીને રાજય બહારના કોઇપણ સ્થળે જતા માલના વહન દરમ્યાન માલ વાહકે અથવા માલનો હવાલો ધરાવતા વ્યકિતએ માલને લગતા ઠરાવેલા દસ્તાવેજો તથા ઠરાવેલા નમુના મુજબના ડેકલેરેશન સાથે રાખીને ચેકપોસ્ટ ખાતે અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ રજૂ કરવાના રહે છે. રાજય બહાર જતા

2

માલ માટે ફોર્મ-૪૦૨ તથા રાજયમાં આવતા માલ માટે ફોર્મ-૪૦૩ ઠરાવવામાં આવેલ છે. રાજયની અંદર થતા માલના પરિવહન (Intra- State movement of goods) માટે ફોર્મ-૪૦૨ ઠરાવવામાં આવેલ છે. ગુજરાત મુલ્યવર્ધિત વેરા નિયમો ૨૦૦૬ના નિયમ-૫૧ના પેટા નિયમ (૧)ના કલોઝ (બી) તથા પેટા નિયમ (૬) મુજબ કેટલાક માલને નિર્દિષ્ટ માલ જાહેર કરવામાં આવેલ છે. સંદર્ભ-(૨) થી સંદર્ભ-(૭) સામે દર્શાવેલ જાહેર પરિપત્રોથી નિર્દિષ્ટ જાહેર કરેલ માલ માટે ફોર્મ-૪૦૨ તથા ફોર્મ-૪૦૩ ઇસ્યુ કરવાની પધ્ધતિ ઠરાવવામાં આવેલ છે તેમજ ત્યારબાદ સંદર્ભ-(૮) સામે દર્શાવેલ જાહેર પરિપત્રથી સદરહુ નિર્દિષ્ટ જાહેર કરેલ માલ માટે ઇલેકટ્રોનીકલી જનરેટેડ (INFORM) ફોર્મ-૪૦૨ તથા ફોર્મ-૪૦૩ ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ રજૂ કરવાની પધ્ધતિ ઠરાવવામાં આવેલ છે.

રાજય બહારના કોઇપણ સ્થળેથી રાજયમાં પ્રવેશીને રાજય બહારના કોઇપણ સ્થળે જતા માલના વહન દરમ્યાન માલ વાહકે અથવા માલનો હવાલો ધરાવતી વ્યકિતએ રાજયમાં તેના પ્રવેશ પછીની પ્રથમ ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી પાસેથી માલને લગતું ડેકલેરેશન ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) મેળવીને નિર્દિષ્ટ કરેલ રાજય બહાર નીકળવાની છેલ્લી ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહે છે. હાલમાં ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) મેન્યુઅલ પધ્ધતિથી ઇસ્યુ કરવામાં આવે છે.

ચેકપોસ્ટ ખાતે રજૂ કરવાના ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩ તથા ફોર્મ-૪૦૫ અંગે હાલની પધ્ધતિમાં ફોર્મ મેળવવાની તથા ફોર્મની ચકાસણીની કામગીરીમાં સરળતા રહે તેમજ વેપારી વર્ગ તથા માલ વાહકને ચેકપોસ્ટ ખાતે ચકાસણીની કામગીરીમાં બિનજરૂરી કનડગત કે સમય વેડફાયા વગર માલનું પરિવહન થઇ શકે તે આશયથી ઉકત ક્રમાંક-(૨)થી (૮) માં દર્શાવેલ પરિપત્રો રદ કરવામાં આવે છે અને સંદર્ભ-(૧) સામે દર્શાવેલ આદેશથી ગુજરાત મુલ્યવર્ધિત વેરા નિયમો ૨૦૦૬ના નિયમ-૫૧ના પેટા નિયમ (૧)ના કલોઝ (બી) તથા પેટા નિયમ (૬) ના હેતુ માટે તમામ કરપાત્ર માલને નિર્દિષ્ટ માલ જાહેર કરીને સદરહુ કરપાત્ર માલ માટે તારીખ.૧૫-૧૨-૨૦૧૪ થી ઇલેકટ્રોનીક પધ્ધતિથી ફોર્મ અથવા ફોર્મનો નંબર (યુનિક કોડ) મેળવવાની પધ્ધતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ પધ્ધતિની જોગવાઇઓ નીચે મુજબ છે.

(૧) આ પધ્ધતિ ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ હેઠળના તમામ કરપાત્ર માલને લાગુ પડે છે.

(૨) આ પધ્ધતિ રાજય બહાર જતા માલ માટે ફોર્મ-૪૦૨, રાજયમાં આવતા માલ માટે ફોર્મ-૪૦૩ તથા રાજય બહારના કોઇપણ સ્થળેથી રાજયમાં પ્રવેશીને રાજય બહારના કોઇપણ સ્થળે જતા માલ માટે ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ)ને લાગુ પડે છે.

(૩) આ પધ્ધતિ મુજબ ફોર્મ-૪૦૨ જનરેટ કરવાની સવલતનો લાભ રાજયની અંદર થતા માલના પરિવહન (Intra- State movement of goods) માટે પણ લઇ શકાશે.

(૪) આ પધ્ધતિથી ફોર્મ અથવા ફોર્મનો નંબર (યુનિક કોડ) મેળવવા માટે ઇન્ટરનેટની મદદથી વાણિજિયક વેરા વિભાગની વેબસાઇટ પર જઇને વેબસાઇટ પર દર્શાવેલ ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩ તથા ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ)ના યુઝર મેન્યુઅલમાં ઠરાવેલ પધ્ધતિ મુજબ લોગ ઇન થઇને સદરહુ ફોર્મ અથવા ફોર્મનો નંબર(યુનિક કોડ) મેળવવાનો રહેશે.

(૫) ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩ અથવા સદરહુ ફોર્મના નંબર(યુનિક કોડ) વેબસાઇટ પર દર્શાવેલ યુઝર મેન્યુઅલમાં ઠરાવેલ પધ્ધતિ મુજબ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર દ્વારા પણ જનરેટ કરી શકાશે.

(૬) વાણિજિયક વેરા વિભાગની વેબ સાઇટ પરથી ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩, ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) અથવા સદરહુ ફોર્મનો નંબર( યુનિક કોડ) જનરેટ કરવામાં આવે ત્યારે માલ વાહકે દર્શાવેલ ઇ-મેઇલ એડ્રેસ (electronic mail Address) પર તેમજ દર્શાવેલ મોબાઇલ નંબર પર તેની જાણ કરવામાં આવશે.

(૭) વેપારીશ્રી કરમુકત માલના વહન માટે પણ આ પધ્ધતિ મુજબનું ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩,ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) અથવા સદરહુ ફોર્મનો નંબર( યુનિક કોડ) મેળવી શકે છે.

(૮) આ પધ્ધતિમાં ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનયમ-૨૦૦૩ હેઠળ જાહેર કરેલ તમામ કરપાત્ર માલને સ્પેસીફાઇડ ગુડ્ઝ તરીકે જાહેર કરવામાં આવેલ છે. આથી માલના પ્રકાર મુજબ કરપાત્ર માલ (સ્પેશીફાઇડ ગુડઝ) તેમજ કરમુકત માલ (નોનસ્પેશીફાઇડ ગુડ્ઝ) માટે ઠરાવેલ ટેમ્પલેટ ડાઉન લોડ કરીને સદરહુ ટેમ્પલેટમાં ઠરાવેલ વિગતો ભરીને તેને અપલોડ કરવાનું રહેશે.

(૯) માલ વાહકે અથવા માલનો હવાલો ધરાવનાર વ્યકિતએ આ કાયદાની જોગવાઇ અનુસાર માલને લગતા ઠરાવેલ દસ્તાવેજો તથા ઠરાવેલા નમુના મુજબના ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩ અથવા સદરહુ ફોર્મનો નંબર (યુનિક કોડ) સાથે રાખવાના રહેશે તથા ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ રજુ કરીને તેની અચૂક ખરાઇ (Verification) કરાવવાની રહેશે.

(૧૦) રાજય બહારના કોઇપણ સ્થળેથી રાજયમાં પ્રવેશીને રાજય બહારના કોઇપણ સ્થળે જતા માલના વહન દરમ્યાન માલ વાહકે અથવા માલનો હવાલો ધરાવતી વ્યકિતએ રાજયમાં તેના પ્રવેશ પછીની પ્રથમ ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ તેમજ નિર્દિષ્ટ કરેલ રાજય બહાર નીકળવાની છેલ્લી ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) અથવા ફોર્મ-૪૦૫નો ફોર્મ નંબર (યુનિક કોડ) રજૂ કરવાનો રહેશે તેમજ સદરહુ અધિકારી સમક્ષ તેની અચૂક ખરાઇ (Verification) કરાવવાની રહેશે.

4

(૧૧) આ પધ્ધતિ મુજબ મેળવેલ ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩, ફોર્મ-૪૦૫(ટ્રાન્ઝીટ પાસ)ની સવલતનો કોઇપણ પ્રકારનો દુરૂપયોગ ન થાય તે હેતુથી ફોર્મની વેલીડીટીનો સમયગાળો નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| ફોર્મનો પ્રકાર | વેલીડીટીનો સમયગાળો |
|---|---|
| ફોર્મ-૪૦૨ | વેબસાઇટ પરથી ફોર્મ જનરેટ કર્યાના સમયથી ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કરવા સુધીનો સમયગાળો ૭૨ કલાક. આકસ્મિક સંજોગોમાં વહન થતો માલ મૂળ વાહનમાંથી તબદિલ કરીને અન્ય વાહનમાં લઇ જવામાં આવે તે કિસ્સામાં વધુ ૭૨ કલાકનો સમયગાળો. |
| ફોર્મ-૪૦૩ | વેબસાઇટ પરથી ફોર્મ જનરેટ કર્યાના સમયથી ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કરવા સુધીનો સમયગાળો ૧૫ દિવસ. |
| ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) | વેબસાઇટ પરથી ફોર્મ જનરેટ કર્યાના સમયથી રાજયમાં પ્રવેશ પછીની પ્રથમ ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કરવા સુધીનો સમયગાળો ૧૫ દિવસ. |
| ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) | રાજયમાં પ્રવેશ પછીની પ્રથમ ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કર્યાના સમયથી રાજય બહાર નીકળવાની છેલ્લી ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ રજૂ કરવા સુધીનો સમયગાળો ૭૨ કલાક. આકસ્મિક સંજોગોમાં વહન થતો માલ મૂળ વાહનમાંથી તબદિલ કરીને અન્ય વાહનમાં લઇ જવામાં આવે તે કિસ્સામાં વધુ ૭૨ કલાકનો સમયગાળો. |

(૧૨) ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી દ્વારા વાહન ચાલકે રજૂ કરેલ ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩, ફોર્મ-૪૦૫ અથવા સદરહુ ફોર્મના નંબર (યુનિક કોડ)નું વેરીફીકેશન પૂર્ણ થયેથી તેની જાણ દર્શાવેલ મોબાઇલ નંબર પર SMS થી કરવામાં આવશે.

(૧૩) આ પધ્ધતિ મુજબ ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩ અથવા સદરહુ ફોર્મના નંબર (યુનિક કોડ) જનરેટ કરવામાં આવેલ નહીં હોય અથવા ચેકપોસ્ટ અધિકારી સમક્ષ ફોર્મ અથવા ફોર્મનો નંબર (યુનિક કોડ) રજૂ કરવામાં આવેલ નહીં હોય અથવા કલમ-૬૮(૪)(ક) માં દર્શાવેલ કોઇ ક્ષતિ માલુમ પડશે તો માલની ભૌતિક ચકાસણી કરવામાં આવશે અને સદરહુ ચકાસણી દરમ્યાન કોઇ ક્ષતિ માલુમ પડશે અથવા માર્ગસ્થ માલ સાથે ઠરાવેલ દસ્તાવેજો રાખેલ નહીં હોય તે સંજોગોમાં કલમ-૬૮ (૪) થી કલમ-૬૮(૭) ની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ કલમ-૮૫ તેમજ કલમ-૮૬ હેઠળની કાર્યવાહીને પાત્ર થશે.

5

(૧૪) આ પધ્ધતિ મુજબ રાજયમાં પરિવહન દરમ્યાન માર્ગસ્થ માલ સાથે ફોર્મ-૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) અથવા સદરહુ ફોર્મનો નંબર(યુનિક કોડ) રાખવામાં આવેલ નહીં હોય અથવા રાજય બહાર નીકળવાની છેલ્લી ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ ફોર્મ-૪૦૫ અથવા સદરહુ ફોર્મનો નંબર (યુનિક કોડ) રજૂ કરવામાં ન આવે અથવા માર્ગસ્થ માલ, ફોર્મ-૪૦૫ અથવા ફોર્મનો નંબર (યુનિક કોડ) મુજબનો જણાય નહીં તે સંજોગોમાં કલમ-૬૯ની પેટા કલમ (૧-ક), કલમ-૬૯ની પેટા કલમ-(૨)ની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ કલમ-૮૫ તેમજ કલમ-૮૬ હેઠળની કાર્યવાહીને પાત્ર થશે.

(૧૫) વહન થતા વાહનની રેન્ડમ ભૌતિક ચકાસણી (Physical verification) કરવામાં આવશે. જે વાહન  રેન્ડમ ભૌતિક ચકાસણીમાં પસંદ થયેલ હોય તે વાહનના વાહન ચાલકે ચેકપોસ્ટ અધિકારી સમક્ષ વહન થતા માલની ભૌતિક ચકાસણી કરાવવાની રહેશે.

(૧૬) માર્ગ સિવાય (other than by road) અન્ય રીતે જેમ કે, રેલ્વે, પોર્ટ, એર કાર્ગોથી વહન થતા માલ માટે પણ આ પધ્ધતિ મુજબ ફોર્મ-૪૦૨, ફોર્મ-૪૦૩, ફોર્મ-૪૦૫ જનરેટ કરવાના રહેશે તથા ફોર્મનું વેરીફીકેશન નોંધાયેલ વેપારીઓએ તેઓના ઘટકના કાર્યક્ષેત્ર હેઠળના વાણિજ્યિક વેરા અધિકારી સમક્ષ કરાવવાનું રહેશે તેમજ બિન નોંધાયેલ કન્સાઇનર/કન્સાઇનીએ ફોર્મનું વેરીફીકેશન તેઓના ધંધાના સ્થળની હકુમત ધરાવતા વાણિજ્યિક વેરા અધિકારી સમક્ષ કરાવવાનું રહેશે.

(૧૭) કેન્દ્રિય વેચાણ વેરા અધિનિયમ-૧૯૫૬ ની જોગવાઇ મુજબ માલના આંતર-રાજય વ્યવહારો માટે માલની એક રાજયમાંથી બીજા રાજયમાં હેરફેર થવી જરૂરી છે. ઉપર જણાવ્યા મુજબ ગુજરાત રાજયમાંથી બહાર જતા માલ માટે ફોર્મ-૪૦૨ ઠરાવવામાં આવેલ છે. વધુમાં નિયત કરેલ ફોર્મ-૪૦૨ અથવા સદરહુ ફોર્મના નંબર (યુનિક કોડ) ચેકપોસ્ટ અથવા બેરીયરનો હવાલો ધરાવતા અધિકારી સમક્ષ અથવા ઘટકના વાણિજ્યિક વેરા અધિકારી સમક્ષ રજૂ કરવાની અને ખરાઇ કરવાની પધ્ધતિ પણ નિયત કરેલ છે. જે કિસ્સામાં નિયત કરેલ ફોર્મ-૪૦૨ અથવા સદરહુ ફોર્મના નંબર (યુનિક કોડ) સક્ષમ અધિકારી સમક્ષ રજૂ કરવામાં નહીં આવે તે કિસ્સામાં માલના આંતર-રાજય વ્યવહારો માટે માલની ગુજરાત રાજય બહાર રવાનગી થયેલ નથી તેવું ગણવામાં આવશે તથા માલના સ્થાનિક વેચાણો થયેલ છે તેમ ગણવામાં આવશે.

આ પરિપત્રની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી.ડી.વાઘેલા )
વાણિજ્યિક વેરા કમિશનર,
ગુજરાત રાજય, અમદાવાદ.

નકલ રવાનાઃ- ( માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી અર્થે)

૧. અધિક સચિવશ્રી(કર) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(બે નકલ)
૨. વાણિજિયક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદ.
૩. ખાસ વાણિજિયક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, અમદાવાદ.
૪. અધિક વાણિજિયક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, અમદાવાદ.
૫. સઘળા અધિક/સંયુકત વાણિજિયક વેરા કમિશનરશ્રી.
૬. સઘળા નાયબ વાણિજિયક વેરા કમિશનરશ્રી.
૭. સઘળા સહાયક વાણિજિયક વેરા કમિશનરશ્રી.
૮. સઘળા વાણિજિયક વેરા અધિકારીશ્રી.
૯. સઘળી વાણિજિયક વેરા કચેરી.
૧૦. ૧૦ નકલ મહાપાત્ર તાલીમશાળા.
૧૧. ૧૦ નકલ દફતર શાખા.
૧૨. ૧૦ જનસંપર્ક શાખા.
૧૩. આ કચેરીની સઘળી શાખાઓ.
૧૪. એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ.
૧૫. ઈ-ગવર્નન્સ શાખાને વેબસાઈટ પર મુકવા અર્થે.
૧૬. સઘળા નોંધાયેલ વેપારી મંડળો/એસોસીએશન.

(આર.બી.મંકોડી)
સંયુકત વાણિજિયક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ.